| | |
|---|---|
| **કડીના નામદાર બીજા એડી. ચીફ જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. કડી** | |
| **ફોજદારી કેસ નંબર :–** | **316–2026** |
| **આરોપીનું નામ :–** | **કુરેશી મહેબુબમીયાં ઉર્ફે મેબ્લો નવસાદમીયાં** |
| **કલમ :– ધી એમ.વી.એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી મુજબ..** | |

**<u>આંક.૦૧ લગત હુકમ</u> :–**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી વિરૂદ્ધ **ધી એમ.વી.એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી** મુજબનો ગુન્હો નોંધેલ છે. આ કામમાં આરોપી હાજર થતા આ કામના આરોપી સામે તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી લેતા આરોપીએ તેની સામેના ગુનાનો સ્વીકાર કરેલ છે અને કબુલાત પુરશીશ રજુ રાખેલ છે.

**૨.** આ કામે આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, આરોપી ગરીબ અને મજુર વર્ગના માણસ છે અને તેમની આર્થીક પરિસ્થિતી નબળી છે. આરોપી સામે સામાન્ય ગુન્હાનો આક્ષેપ છે એકમાત્ર કમાનાર વ્યકિત છે અને કુટુંબની જવાબદારી તેમની ઉપર છે તેવી હકીકત જણાવીને તેમને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે. આમ, આરોપી તેની સામેના ગુન્હાનો સ્વૈચ્છિક સ્વીકાર કરે છે જેથી આરોપી સામેનો ગુન્હો હું સાબિત માનુ છું. આ કામમાં આરોપીની કબુલાત પુરશીશમાં જણાવેલ રજુઆતો ધ્યાને લેતાં તથા GLR 2005(1) Page No.709 પર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિરૂદ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતાં ઓછામાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે અને તે સંજોગોમાં આરોપીને કાયદામાં નિર્દીષ્ટ સજા કરતાં ઓછી સજા કરવા માટેના પુરતા કારણો જણાતા હોય, સદરહુ ગુન્હામાં આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૬૪ મુજબ તેમની સામે આક્ષેપીત **ધી એમ.વી.એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી** મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૭૦૦/– (અંકે રૂપીયા સાતસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો તેમને **દિન–૦૩ (ત્રણ)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ વાહન રીક્ષા અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને હુકમ થયેલ ન હોય તો અપિલ સમય વિત્યે માલીકીપણાની ખરાઇ કરી મુદ્દામાલ માલીકને પરત કરવો અને જો મુદ્દામાલ પરત ન લઇ જાય તો અપિલ સમય વિત્યાના છ માસ બાદ મુદ્દામાલની હરાજી કરી ઉપજેલ નાણા સરકારશ્રીમાં જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૪ મી માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગની નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૪/૦૩/૨૦૨૬
કડી.

**(મંથનકુમાર ભાલચંદ્ર પુરોહિત)**
બીજા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, કડી
કોડ નં.જી.જે.૦૧૪૧૧